For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સુરતના નાસીરનગર ડિમોલિશન કેસમાં ગુજરાત હાઈકોર્ટ પોલીસ અને મનપા પર લાલઘૂમ

‘ડિમાર્કેશન માટે ગયા કે ડિમોલિશન કરવા?’

માત્ર ડિમાર્કેશનની કામગીરી જ કરવાની હતી તો મોટી સંખ્યામાં પોલીસ કેમ તૈનાત કરાઈ?

જ્યાં સુધી આગામી આદેશ નહીં થાય ત્યાં સુધી તમામને રહેવાની અને પાયાની સુવિધા આપો

રાજ્ય સરકારને 2 જુલાઈ સુધી વિગતવાર જવાબ આપવા હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ,સુરતઃ સુરતના વેડ દરવાજા વિસ્તારમાં આવેલા નાસીરનગરમાં કોઈપણ પ્રકારની નોટિસ આપ્યા વિના ગેરકાયદે રીતે કરાયેલા ‘ભૂતિયા ડિમોલિશન’ મામલે ગુજરાત હાઈકોર્ટે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. જસ્ટિસ નિખિલ કેરિયલની કોર્ટમાં યોજાયેલી મહત્ત્વપૂર્ણ સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આદેશ આપ્યો છે કે જ્યાં સુધી આગામી આદેશ ન થાય ત્યાં સુધી આ ઘટનાના તમામ પીડિતો માટે રહેવાની વૈકલ્પિક વ્યવસ્થા અને પાયાની સુવિધાઓ વહીવટી તંત્ર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવે. કોર્ટે આ મામલાને અત્યંત ગંભીર અને સંવેદનશીલ ગણાવીને આગામી સુનાવણી ૨ જુલાઈ પર મુલતવી રાખી છે.

જસ્ટિસ નિખિલ કરિયેલે રાજ્ય સરકાર, સુરત મહાનગરપાલિકા અને પોલીસ તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. જસ્ટીસ ...અનુસંધાન પાના 5 પર

હાઈકોર્ટના જજ નિખિલ કેરિયલે સુરત મનપા અને પોલીસ સામે તીવ્ર નારાજગી વ્યક્ત કરી

ગુજરાત હાઈકોર્ટમાં સોમવારે યોજાયેલી સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર, સુરત મહાનગરપાલિકા, સુરત પોલીસ અને ટોરેન્ટ પાવર તરફથી રજૂઆતો કરવામાં આવી હતી. જસ્ટિસ નિખિલ કરિયેલે કોર્ટ સમક્ષ દાખલ કરાયેલા એફિડેવિટ અને દલીલો સાંભળ્યા બાદ અનેક ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. જસ્ટીસ કરિયેલે પૂછ્યું હતું કે જો SMCના અધિકારીઓ માત્ર જમીનનું ડિમાર્કેશન કરવા માટે ગયા હતા તો સ્થળ પર DCP કક્ષાના ...અનુસંધાન પાના 5 પર

સુરતના પો.કમિ.એ સુઓમોટો કાર્યવાહી કરીને પગલાં લેવા જોઈતા હતા, હાઈકોર્ટની ટિપ્પણી

સુનાવણી દરમિયાન કોર્ટે સુરત પોલીસ કમિશનરની કામગીરી અંગે પણ અસંતોષ વ્યક્ત કરી સુરત પોલીસ કમિશનર દ્વારા રજૂ કરવામાં આવેલા એફિડેવિટને પ્રથમ દૃષ્ટિએ અસંતોષકારક ગણાવ્યું હતું. અદાલતે નિરીક્ષણ કર્યું હતું કે ઉપલબ્ધ દસ્તાવેજો અને પત્રો અનુસાર, પોલીસ પ્રોટેક્શન માત્ર જમીનની સરહદ નક્કી કરવા માટે માંગવામાં આવ્યું હતું. પરંતુ, સરહદ નક્કી કરવાના બહાના હેઠળ કોર્પોરેશનના અધિકારીઓએ અરજદારો અને અન્ય લોકોની મિલકતો ધ્વસ્ત કરી ...અનુસંધાન પાના 5 પર

માત્ર માપણી હતી તો આટલો મોટો પોલીસ કાફલો કેમ ખડકાયો? કોર્ટનો વેધક સવાલ

રાજ્ય સરકાર તરફથી એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ કોર્ટને જણાવ્યું કે સમગ્ર ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ ચાલી રહી છે. તેમણે સ્વીકાર્યું કે જે બન્યું તે બનવું જોઈએ નહોતું. સરકારે દલીલ કરી કે ડિમાર્કેશનની કાર્યવાહી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસને અગાઉથી લેખિત જાણ કરવામાં આવી હતી અને તે આધારે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.જો કે કોર્ટે સરકારની આ દલીલ સામે સવાલ કર્યો કે માત્ર ડિમાર્કેશન માટે આટલી મોટી પોલીસ હાજરી જરૂરી કેમ બની? એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ સુરત મનપાના ...અનુસંધાન પાના 5 પર

વિમાનમાં બાળકની તબિયત લથડતાં સુરતમાં ઇમરજન્સી લેન્ડિંગ

અમદાવાદ-નવી મુંબઈ ફ્લાઇટમાં મુસાફરી દરમિયાન બાળક બેભાન થયું હતું

સાંજે 7.07 કલાકે ટેક ઓફ થયેલું વિમાન રાતે 8.22 સુરત એરપોર્ટ લેન્ડ થયું, 8.45 કલાકે નવી મુંબઈ પરત ગયું

સુરત: અમદાવાદથી મુંબઈ જઈ રહેલી ઈન્ડિગો એરલાઇન્સની ફ્લાઇટમાં મુસાફરી કરી રહેલા એક બાળકની અચાનક તબિયત બગડતાં પાયલટે સમયસૂચકતા દાખવી સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. એરપોર્ટ પર પહેલેથી જ તબીબી ટીમ, સીઆઇએસએફ અને એરલાઇનના અધિકારીઓ સજ્જ હોવાથી બાળકને તાત્કાલિક સારવાર આપી ગ્લોબલ સનસાઇન હોસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ સોમવારે સાંજે આશરે સાંજે 7.07 કલાકે અમદાવાદ એરપોર્ટથી ટેક ઓફ થયેલા વિમાનને રાતે 8.22 સુરત એરપોર્ટ લેન્ડ કરાવી ફ્લાઇટમાં બેભાન થઈ ગયેલા બાળ દર્દીને પ્રાથમિક સારવાર આપી હોસ્પિટલ મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યા પછી ફ્લાઇટ રેટ 9.20 કલાકે સુરત એરપોર્ટથી નવી મુંબઈ ટેક ઓફ થઈ હતી. અમદાવાદથી મુંબઈ જતી ઇન્ડિગોની ફ્લાઇટ નં.6E-7018માં મુસાફરી કરી રહેલા માસ્ટર સૌરભની અચાનક તબિયત લથડી હતી અને તે બેભાન થઈ ગયો હતો. ફ્લાઇટમાં હાજર બે ડોક્ટરોએ બાળકને તાત્કાલિક સારવાર આપવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેની સ્થિતિમાં કોઈ નોંધપાત્ર ...અનુસંધાન પાના 5 પર

4થી 6 જુલાઈ દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી

મોટા ભાગના જિલ્લાઓમાં ગાજવીજ અને 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની શક્યતા

અમદાવાદ: રાજ્યમાં અસહ્ય ગરમી અને બફારાના માહોલ વચ્ચે હવે ચોમાસું જોર પકડવા જઈ રહ્યું છે. આગામી ૪થી ૬ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની સંભાવનાને પગલે ‘ઓરેન્જ એલર્ટ’ જાહેર કરવામાં આવ્યું છે.

વરસાદની આગાહી

30 જૂન: ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓ, દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ તેમજ સૌરાષ્ટ્રના છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ડાંગ, નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા-નગર હવેલી માટે ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આનંદ, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત, તાપી સહિત અનેક જિલ્લાઓમાં 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ગાજવીજ થવાની શક્યતા છે.

1 અને 2 જુલાઈ: દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ વરસાદી માહોલ યથાવત રહેશે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. અનેક જિલ્લાઓમાં ગાજવીજ અને તેજ પવન માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

3 જુલાઈ: સમગ્ર ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા છે. સુરત, ડાંગ, નવસારી, વલસાડ, ...અનુસંધાન પાના 5 પર

(તસવીર : હેમંત ડેર)

આખરે ઉકળાટમાંથી છૂટકારો થયો, સુરતમાં મોડી રાત્રે વીજળી સાથે વરસાદ

દ.ગુ.માં તાપી, ભરૂચ, વલસાડમાં મેઘરાજાની પધરામણી, વાલોડમાં બે ઇંચ વરસાદ પડ્યો

વલસાડના નાનાપોંઢા-ઉમરગામમાં એક-એક ઇંચ વરસાદ

સુરતઃ ચોમાસાની આતુરતાથી રાહ જોઈ રહેલા સુરતીઓની આતુરતાનો સોમવારે અંત આવ્યો હતો. સોમવારે સુરતમાં મોડીરાત્રે વરસાદ પડતાં ગરમીમાંથી સુરતીઓને રાહત મળી હતી.

સામાન્ય રીતે સુરતમાં 15મી જુન સુધીમાં ચોમાસું શરૂ થઈ જાય છે પરંતુ આ વખતે ચોમાસું લંબાઈ જવાની સાથે વરસાદ પડતો નહોતો. જોકે, સોમવારે રાત્રે સવા અગિયાર વાગ્યાના સુમારે અચાનક વરસાદ તૂટી પડ્યો હતો. જેમાં અડાજણ-પાલ, વેસુ, પીપલોદ,. સિટીલાઇટ, અઠવાલાઇન્સ, ઘોડદોડ રોડ, પાર્લે પોઇન્ટ, ઉધના, ભટાર, ...અનુસંધાન પાના 5 પર

મેટ્રો રેલ માટે રેલવે ટ્રેક ક્રોસ કરવા સ્ટીલ ગર્ડર મૂકવાની કામગીરી શરૂ...



■ સુરતમાં હાલમાં મેટ્રો રેલ દોડાવવા માટે ટ્રેક તૈયાર કરવાની કામગીરી જોરમાં ચાલી રહી છે. સુરતમાં મેટ્રોની બે લાઇનો પૈકી એકમાત્ર સારોલીથી ભેંસાણની લાઇનમાં વચ્ચે મુંબઈ-દિલ્હીની રેલવે લાઇન આવે છે. જેથી આ લાઇનને ક્રોસ કરવા માટે મેટ્રો દ્વારા સ્ટીલનો ગર્ડર નાખવાની કામગીરી શરૂ કરાઇ છે. તસવીર વાચક ફેનિલ ઠક્કરે મોકલી છે.

5 વર્ષની બાળાને કારે હવામાં 8 ફૂટ ફંગોળીને કચડી નાંખી

ઈકલેરા વિસ્તારમાં શ્રમજીવી દંપતી કામ કરતું રહ્યું અને દીકરી પર કાર ચડી ગઇ

દીકરીના શરીર પરથી ચારેય ટાયરો ફરી વળ્યાં, હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ જીવ છોડ્યો

સુરતઃ સુરતના ઇક્લેરા વિસ્તારમાં સોમવારનો દિવસ એક ગરીબ પરિવાર માટે જીવનભરની વેદના બની ગયો. રોજીરોટી માટે મજૂરી કરતાં માતા-પિતાની પાંચ વર્ષની માસૂમ પુત્રી ઘર નજીક નિર્દોષ રીતે રમી રહી હતી, પરંતુ બેફામ દોડતી એક કાર તેની માટે કાળ બનીને આવી. એક જ ક્ષણમાં ખુશીઓથી ભરાયેલું બાળપણ હંમેશા માટે શાંત થઈ ગયું અને સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો.

મૂળ રાજસ્થાનના રામગઢ ગામના વતની પ્રેમસિંગ બારીયા પોતાની પત્ની સાથે ઈક્લેરા સ્થિત વેદમ સ્કૂલ નજીક નવી બની રહેલી કમલમ સોસાયટીમાં મજૂરી કામ કરે છે. સોસાયટીમાં ગટર લાઇનનું કામ ચાલી રહ્યું હોવાથી બંને પોતાના કામમાં વ્યસ્ત હતા, જ્યારે તેમની પાંચ વર્ષની પુત્રી આરતી ઘર નજીક અન્ય બાળકોની જેમ રમતી હતી. તે દરમિયાન અચાનક પૂરઝડપે આવેલી એક કાર આરતી પર ચડી ગઈ. ટક્કર એટલી ભયાનક હતી કે બાળકી આશરે આઠ ફૂટ સુધી હવામાં ફંગોળાઈ ગઈ હતી. નીચે પટકાયા બાદ પણ અકસ્માતની ભયાનકતા અટકી નહોતી. કારના આગળ અને પાછળના બંને ટાયર આરતીના શરીર ...અનુસંધાન પાના 5 પર

બારડોલીના બે જ્વેલરી શોપ પર સુરત BISના દરોડા

દરોડા દરમિયાન બંને શોપમાંથી બીઆઇએસ માર્કા વિનાના 241.5 ગ્રામ સોનાના દાગીના મળતા જપ્ત કરાયા

સુરતઃ ભારતીય માનક બ્યુરો સુરત ઝોન ઓફિસ દ્વારા હોલમાર્ક વગરના દાગીના વેચતી બારડોલીમાં સ્ટેશન રોડ પર પાર્કિન્જા શોપિંગ સેન્ટરમાં આવેલી કાલુભાઈ ગોવિંદભાઈ મૈતીની બે જ્વેલરી શોપ પર આજે દરોડાની કામગીરી કરવામાં આવી હતી. દરોડા દરમિયાન બંને જ્વેલરી શોપમાંથી બી.આઈ.એસ. હોલમાર્ક વગરના આશરે 241.5 ગ્રામ સોનાના દાગીના મળી આવ્યા હતા અને તેને જપ્ત કરવામાં આવ્યા હતા. બીઆઇએસ હોલમાર્ક વગરના સોનાના દાગીનાનું વેચાણ કરી શકાતું નથી. તેથી આ જ્વેલરી શોપ્સ પર દરોડાની આ કાર્યવાહી કરવામાં આવી હતી. ...અનુસંધાન પાના 5 પર

અંકલેશ્વર GIDCમાં ગ્લેક્ષોન ફાર્મામાં બ્લાસ્ટ: 4 કામદાર દાઝ્યા

રાસાયણિક પ્રક્રિયા દરમિયાન બનેલી ઘટનામાં બેની હાલત ગંભીર

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર GIDC (ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન) વિસ્તારમાં આવેલી ગ્લેક્ષોન ફાર્મા કંપનીમાં સોમવારે રાસાયણિક પ્રક્રિયા દરમિયાન જોરદાર બ્લાસ્ટ થયો હતો. આ દુર્ઘટનામાં કંપનીમાં કાર્યરત ચાર શ્રમિક ગંભીર રીતે દાઝી જતાં ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્રમાં દોડધામ મચી ગઈ હતી અને તાત્કાલિક રાહત તથા બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે નજીકમાં કામ કરી રહેલા કામદારો તેની ઝપેટમાં આવી ગયા હતા. ઈજાગ્રસ્ત થયેલા ચારેય શ્રમિકોને તાત્કાલિક અસરથી વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ ચાર ઈજાગ્રસ્ત પૈકી બે કામદારની હાલત અત્યંત નાજૂક હોવાનું જણાવાઈ રહ્યું છે, જેના કારણે તેમની તબિયત અંગે ચિંતાનો માહોલ વ્યાપ્યો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી ભરૂચ પોલીસ, ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગ અને GPCB સહિતના સંબંધિત વિભાગોની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ...અનુસંધાન પાના 5 પર

:: જાહેર નોટિસ ::

આથી સર્વ સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે ''મઝદા બેકરી'' (પારસી), અડાજણ, સુરત ખાતે શ્રી ધર્મેશભાઈ દિનેશભાઈ દોશીને આપવામાં આવેલી ફ્રેન્ચાઈઝી કરારની શરતોના ભંગને કારણે તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે. તેથી તેમને ''મઝદા બેકરી'' નામ, ટ્રેડમાર્ક, લોગો, બ્રાન્ડ અથવા અન્ય કોઈપણ અધિકારનો ઉપયોગ કરવાનો અધિકાર નથી.

જાહેર જનતાને વિનંતી છે કે શ્રી ધર્મેશભાઈ દિનેશભાઈ દોશી (મોબાઈલ નં. 93281-39814) સાથે ''મઝદા બેકરી''ના નામે કોઈપણ પ્રકારનો ઓર્ડર, વ્યવહાર કે નાણાકીય લેવડ-દેવડ ના કરે. વધુમાં, આ બાબતે સંબંધીત લોકલ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી કરવામાં આવી છે અને જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મઝદા બેકરીના અધિકૃત સંપર્ક નંબરોઃ 9825153241/8866558806 (આ સિવાય અન્ય કોઈ નંબર અધિકૃત નથી)

અસીલની સુચનાથી
મયુર સી. કોસંબીયા
(એડવોકેટ એન્ડ નોટરી)

– મઝદા બેકરી (પારસી) સુરત.

ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જીંદગી મળવી એ નસીબ છે. મૃત્યુ એ જીવનનું સત્ય છે.
મૃત્યુ પછી પણ સૌના જીવનમાં જીવતા રહેવું એ જીંદગીમાં કરેલા કર્મનું પરિણામ છે. મરણ કરતા સ્મરણ બળવાન છે.અમારા માટે આપનું સ્મરણ એક વરદાન છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.

સ્વ.જગુભાઇ પરસુભાઇ પટેલ - સ્વ.લલીતાબેન જગુભાઇ પટેલ
ગં.સ્વ.આશાબેન સુરેશભાઇ પટેલ(પત્ની)

વિવેક સુરેશભાઇ પટેલ (પુત્ર) — ચંપકભાઇ જગુભાઇ પટેલ
ભાવિકા સુરેશભાઇ પટેલ (પુત્રી) — નાનીબેન ચંપકભાઇ પટેલ
સૈફાલી સુરેશભાઇ પટેલ (પુત્રી) — ભીખુભાઇ જગુભાઇ પટેલ
ડોનીકા સુરેશભાઇ પટેલ (પુત્રી) — મીનાબેન ભીખુભાઇ પટેલ
ધ્રુતિ ગુણવંતભાઇ પટેલ (પુત્રી) — ગુણવંતભાઇ જગુભાઇ પટેલ
ધ્રુમિલ ગુણવંતભાઇ પટેલ — નીશાબેન ગુણવંતભાઇ પટેલ
સંકેત ભીખુભાઇ પટેલ — ભુપેનભાઇ ચંપકભાઇ પટેલ
નવ્ય ભુપેનભાઇ પટેલ — પ્રતિક્ષાબેન ભુપેનભાઇ પટેલ

સ્વ.સુરેશભાઇ જગુભાઇ પટેલ
જન્મ.તા.૧૨-૦૮-૧૯૬૬
સ્વ.તા. 30-09-૨૦૨૨

અલથાણ ગામ.

શ્રી સુરત ની અમદાવાદી મોઢ દશા ઘોઘવા વાણિયા પંચ પ્રાર્થના સભા

અમારા માતુશ્રી ગં.સ્વ. રમીલાબેન વિનુભાઈ માંકડ
ઉમર વર્ષ ૮૯ નું નિધન તારીખ ૨૮/૦૬/૨૦૨૬ ના રોજ થયું છે

સદગત ના આત્માની શાંતિ માટે પ્રાર્થના સભા
તા.૩૦/૦૬/૨૦૨૬ મંગળવાર નાં રોજ બપોરે ૪ થી ૬ કલાકે
સરદાર ભવન મહીડા ભવન ની બાજુ માં,
SVNIT કોલેજની સામે ઈચ્છાનાથ, સુરત
ખાતે રાખવા માં આવેલ છે

:: શોકાતુર પરિવાર ::
અમિત વિનુભાઈ માંકડ (LIC) | ભૂષણ શૈલેષકુમાર કાપડિયા
હેતલ અમિત માંકડ | ચાંદની ભૂષણ કાપડિયા
રિયા શૈલેશકુમાર કાપડિયા | ત્રિશિવ ભૂષણ કાપડિયા

સ્વ. રમીલાબેન
વિનુભાઈ માંકડ
સ્વ. તા. ૨૮/૦૬/૨૦૨૬

અનાવિલ અવસાન

સ્વ. જયંતિલાલ દોલતરાય દેસાઈ
તા. ૨૯-૦૬-૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન જયંતિલાલ દોલતરાય દેસાઈ (મોરથાણ) હાલ સુરત નું દુઃખદ અવસાન તા. ૨૯/૬/૨૦૨૬ને સોમવારના રોજ થયેલ છે.

સદ્ગતનું સંયુકત બેસણું તા. 3/૭/૨૬ને શુક્રવારના રોજ બપોરે 3 થી ૫ કલાક દરમ્યાન ગ્રાઉન્ડ ફ્લોર, એ.સી. હોલ, દયાળજી આશ્રમ, મજુરા ગેટ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. પ્રભુ એમની આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.
(લૌકિક રિવાજ સદંતર બંધ છે)

લિ.
સ્વ. મોહનભાઈ દોલતરાય દેસાઈ
સ્વ. નાનુભાઈ દોલતરાય દેસાઈ
સ્વ. દિલિપભાઈ મોહનભાઈ દેસાઈ
અશોકભાઈ મોહનભાઈ દેસાઈ
સતિષભાઈ મોહનભાઈ દેસાઈ
મનોજભાઈ નાનુભાઈ દેસાઈ
ભરતભાઈ નાનુભાઈ દેસાઈ (ભાણેજ)

ગં.સ્વ. કપિલાબેન જયંતિલાલ દેસાઈ
મનિષભાઈ જયંતિલાલ દેસાઈ M.9925017490
બિનિતાબેન મનિષભાઈ દેસાઈ
કરણ મનિષભાઈ દેસાઈ
અલ્પાબેન (છાયા) દુષ્યંતભાઈ દેસાઈ
નયનાબેન નિતિનભાઈ નાયક
પ્રિયાંશી ધીરજભાઈ પટેલ
આયુષી નિતિનભાઈ નાયક

શ્વસુરપક્ષ : સ્વ. હસમુખભાઈ ગુલાબભાઈ દેસાઈ – કાંતિલાલ છોટુભાઈ દેસાઈ
સ્વ. પ્રમોદભાઈ (અકુલભાઈ) ગુલાબભાઈ દેસાઈ – સ્વ. નરેશભાઈ ગુલાબભાઈ દેસાઈ
સ્વ. જયસુખભાઈ ગુલાબભાઈ દેસાઈ (મુ.પો. મોરથાણ, તા. ઓલપાડ, સુરત.)

દુઃખદ અવસાન-સંયુક્ત બેસણું

સ્વ. કૈલાશભાઈ
રતનજીભાઈ પટેલ
જન્મ તા. 03-05-૧૯૫૯
સ્વ. તા. ૨૯-૦૬-૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી
કૈલાશભાઈ રતનજીભાઈ પટેલ
તા. ૨૯-૦૬-૨૦૨૬ને સોમવાર ના રોજ
દેવલોક પામ્યા છે. તેમનું સદ્ગતનું બેસણું
તા. ૦૧-૦૭-૨૦૨૬ને બુધવાર ના રોજ
સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ કલાકે
અમારા નિવાસ સ્થાને રાખેલ છે. પ્રભુ એમના
દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના

લિ.
સ્વ. રતનજીભાઈ ગોંસાઈભાઈ પટેલ – સ્વ. નાનીબેન રતનજીભાઈ પટેલ
ગં.સ્વ. જશીબેન કૈલાસભાઈ પટેલ (પત્ની)
પિંકલ કૈલાશભાઈ પટેલ (પુત્ર) – અર્પિતા પિંકલભાઈ પટેલ (પુત્રવધુ)
તસ્વી, વિઆન પિંકલભાઈ પટેલ
નિતા સુનિલભાઈ પટેલ (પુત્રી) સુનિલભાઈ ચંપકભાઈ પટેલ (જમાઈ)
રેક્ષી, એંજલ સુનિલભાઈ પટેલ (ભાણેજ)

મહેન્દ્રભાઈ રતનજીભાઈ પટેલ — નિર્મળાબેન મહેન્દ્રભાઈ પટેલ
શરદભાઈ રતનજીભાઈ પટેલ — સ્વ. ઉમાબેન શરદભાઈ પટેલ
વિજયભાઈ રતનજીભાઈ પટેલ — મીરાબેન વિજયભાઈ પટેલ
પંકજભાઈ રતનજીભાઈ પટેલ — જયાબેન પંકજભાઈ પટેલ
મયુરભાઈ શરદભાઈ પટેલ — હેતલબેન મયુરભાઈ પટેલ
રશ્મિકાંત વિજયભાઈ પટેલ — માધુરી રશ્મિકાંતભાઈ પટેલ

પ્રણવકુમાર પંકજભાઈ પટેલ
શ્રુતિ, મૌલિ, મન, રિષિત, ધારા, તથા સમસ્ત પરિવાર

સ્થળ : મુ.પો. બુડિયા, વાડી મહોલ્લો, તા. સીટી, જી. સુરત.

ક્ષત્રિય દુઃખદ અવસાન - બેસણું

સ્વ. કિરણકુમાર
કાશીરામ રાંદેરીઆ
તા. ૨૯/૦૬/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિશ્રી / અમારા પુજય પિતાશ્રી કિરણકુમાર કાશીરામ રાંદેરીઆ
તા. ૨૯/૦૬/૨૦૨૬, સોમવારના રોજ શ્રીરંગ શરણ થયા છે
સદગતનું બેસણું
તારીખ ૩૦/૦૬/૨૦૨૬ ને મંગળવારના રોજ
સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાકે
સ્થળ: ભરૂચાવાડી, ઉસ્તમપુરા, સુરત મુકામે રાખેલ છે.

:: લિ. ::
સ્વ. કાશીરામ નારણદાસ રાંદેરીઆ(પિતા)
સ્વ. કમળાબેન કાશીરામ રાંદેરીઆ(માતા)
ગં.સ્વ. મિનાક્ષીબેન કિરણકુમાર રાંદેરીઆ(પત્ની)
કેયુર કિરણકુમાર રાંદેરીઆ(પુત્ર) વૈશાલી કેયુર રાંદેરીઆ(પુત્રવધુ)
શૈશવ કિરણકુમાર રાંદેરીઆ(પુત્ર) ધનિષ્ઠા કેયુર રાંદેરીઆ(પૌત્રી)

શોકાતુર સમસ્ત રાંદેરીઆ પરિવાર

દુઃખદ અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની નિશાબેન રમેશચંદ્ર ભૂતવાળા ઉર્ફે (બબી)નું તા. ૨૯/૦૬/૨૦૨૬ને સોમવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..
પાથરણું તા. ૩૦/૦૬/૨૦૨૬ને સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ કલાકે ગોદાવરી ભવન, હેન્ડલુમ હાઉસની ઉપર, નાનપુરા, સુરત મુકામે રાખવામાં આવેલ છે.

સ્વ. નિશાબેન રમેશચંદ્ર ભૂતવાળા ઉર્ફે (બબી)
સ્વ. તા. ૨૯/૦૬/૨૦૨૬

લિ.
રમેશચંદ્ર હસમુખલાલ ભૂતવાલા
પ્રીતિબેન જયેશકુમાર વાંકાવાલા
નિમિષા રાકેશકુમાર મોદી

નિવાસસ્થાનઃ ૧/૨૯૦, મણીભુવન,પોપટ મોહલ્લો, નાનપુરા, સુરત